# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

સંપાદક : નિર્વેદ આચાર્ય, પ્રકાશક : જય જિનેન્દ્ર પરિવાર, ૬૮ નિહારિકા બંગલોઝ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ.

RNI No. GUJGUJ10312 • Vol I, Issue 11 • 1-2-2003 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com


# ન હિ સત્યં પ્રણશ્યતિ

# 'અર્જુનવિષાદયોગ'ને આખરી અલવિદા

INTERNET EDITION

ગુજરાતના જાણીતા અખબાર સંદેશની તારીખ ૨૯ જાન્યુઆરીની એડિશનમાં પાના નંબર ચાર ઉપર નામઠામ, જવાબદારી અને સહી વગરની જે ચોખવટ પ્રકાશિત થઈ છે તે –

કોણે પ્રકાશિત કરી છે?

એ દુરાચારી સાધુઓની કોણે તપાસ કરી?

કઈ પદ્ધતિથી તપાસ કરી?

ક્યારે તપાસ કરી?

કયા સ્થળે તપાસ કરી?

એમને નિર્દોષ હોવાનું સર્ટિફિકેટ કોણે આપ્યું?

એમની તપાસમાં એમને કયા કયા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા?

એમની તપાસમાં હાજર રહેલા સાક્ષીઓ કોણ કોણ હતા?

મુનિવેષધારીઓના અનંતાનંત મહાદુરાચારોને દબાવી દઈને તેમને નિર્દોષતા(!?)નું 'પ્રમાણપત્ર' આપનારાં એવાં તત્ત્વો કે જેઓ પોતાના એ બેનામ નિવેદનની નીચે પોતાની સહી આપવાની હિંમત પણ કરી શક્યાં નથી તેમને હું મિત્રાનંદસાગર આ દ્વારા ખુલ્લેઆમ ચેલેન્જ કરવા સાથે જાહેરમાં આક્ષેપ મૂકું છું કે એ સાધુવેષધારીઓ દુરાચારથી ખરડાયેલા છે. **એક વાર નહીં, સાડીસત્તર વાર હું રિપિટ કરીને આ આક્ષેપ દોહરાવું છું** અને હું જ્યારે આમ કરૂં છું ત્યારે તેની ગંભીરતા બાબતે પૂરો સભાન છું. જે કોઈની 'મા'એ સવાસેર સૂંઠ ખાધી હોય તેને આ મામલે મારી સામે બદનક્ષીનો દાવો કરવા આ સાથે જાહેરમાં પડકાર ફેંકું છું.

કોઈ પણ સમુદાયને મન ફાવે તેમ અંગત પેઢીની જેમ ચાલવા દઈ શકાય નહીં જ. સાગર સમુદાય તો 'મને પણ' ખૂબ વહાલો છે પણ જૈન શાસન તો એથી પણ વધારે વહાલું છે. આથી, સમુદાયના વડીલો પાસે રજૂઆત કરવાની ફરજ બજાવ્યા પછી આવેલાં અવળાં પરિણામોના કડવા અનુભવોથી ચેતી જઈને મેં હવે સમગ્ર ઘટનાક્રમને જાહેરમાં અને જનતાની અદાલતમાં મૂકવાનું નક્કી કર્યું છે. અને આ માટે હું ટૂંક સમયમાં જ એક પત્રકાર પરિષદ બોલાવી રહ્યો છું.

**'ભગવાનની આજ્ઞા,' 'શાસ્ત્ર,' 'સિદ્ધાંત'** વગેરે ભારેખમ શબ્દોની ડીંગ હાંકતાં તો મને નથી આવડતી, પણ **'અર્જુનવિષાદયોગ'**ને તજવા જેવી સમજણ તો અવશ્ય ધરાવું છું. આ મુદ્દે ઢાંકપિછોડો કરનારાઓ સમજી લે કે જો આવી રીતે તે અનંતાનંત મહાદુરાચારીઓનાં અનંતાનંત મહાપાપોને ઢાંકવાની આ અનંતાનંત મહાખટપટો ચાલુ જ રાખવામાં આવશે તો મારે ન છુટકે એવી બાબતો માટે મોઢું ખોલવું પડશે જેના કારણે સમગ્ર જૈન સમાજને ન કલ્પેલા ભયંકર આંચકાઓમાંથી પસાર થવું પડશે. એ વખતે કોઈ એમ કહેવા ન દોડી આવશો કે **'અરે તમારે અમને કહેવું તો હતું.'**

હવે તો અસત્ય વિરુદ્ધ સત્યનો મુકાબલો ભલે થઈ જાય!

મારા ચાહકો, હિતેચ્છુઓ, શુભેચ્છુઓ, ગુણાનુરાગીઓ વગેરેને આ સાથે વિનમ્ર સૂચન છે કે જેઓ મારા આ પગલાથી નારાજ થયા હોય કે થવાના હોય, તેઓ, મારો સાથસંગાથ છોડવા ઈચ્છતા હોય તો પ્રેમથી તેમ કરી શકે છે. મને એ મામલે જરાય દુઃખ થશે નહીં. હું તો આમ પણ સમુદ્રમંથનમાંથી નીકળેલાં ઝેર પીને જ મોટો થયો છું. દુરાચારી ખટપટસાગરના 'સરપ્રાઈઝિંગ' દસ્તાવેજી પૂરાવા[ઓ] માટે સમગ્ર જૈન સમાજ માનસિક રીતે તૈયાર રહે. પત્રકાર પરિષદની તારીખ, સમય, સ્થળ વગેરે ટૂંક સમયમાં જ ગુજરાતી વર્તમાનપત્રોમાં જાહેર થશે.

*– નિવેદક : ચારિત્રચૂડામણિ પૂજનીય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજાનો પ્રશિષ્ય*
*સંઘચરણરજ મિત્રાનંદસાગર*

## જેની માએ સવાસેર સૂંઠ ખાધી હોય તેને મારી સામે બદનક્ષીનો દાવો કરવા ખુલ્લો પડકાર...



# આનંદઘનની અનુભવવાણી

■ સંકલન : ડૉ. જિતેન્દ્ર બી. શાહ

- માત્ર ચર્મચક્ષુથી જ માર્ગ શોધનાર આખું જગત જાણે ભૂલું પડેલું ભાસે છે. માટે જ દિવ્ય વિચારણારૂપી નયનોથી જ માર્ગની શોધખોળ કરવી જોઈએ.
- જો હું દર્શન દર્શન એવું રટણ કરતો જ ફર્યા કરૂં તો લોકો મને રણમાં ભટકતા પ્રાણી જેવો ગણી લે, સાથે એ પણ એટલું જ સત્ય છે કે જેને અમૃતની તરસ લાગી હોય તેને વિષપાનથી સંતોષ કેમ થાય?
- પરમાત્માને આત્મસમર્પણ કરવાથી જ ભ્રમણારૂપી મતિની અજ્ઞાનતા નાશ પામે છે તથા આનંદરસથી ભરપૂર એવા મોક્ષની પ્રાપ્તિ થાય છે.
- સમસ્ત સંસારી જીવો ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત હોય છે જ્યારે મુનિઓ તો આત્મામાં રમણ કરનારા હોય છે. જેઓ વિષયો પ્રત્યે સંપૂર્ણ અનાસક્ત હોય છે તે જ સાચા આત્મારામી ગણાય.
- જે ક્રિયાઓથી પોતાના સ્વરૂપની સિદ્ધિ થાય તે અધ્યાત્મ. જે ક્રિયાઓથી ચારે ગતિમાં પરિભ્રમણ વધે તેને વળી અધ્યાત્મ કેમ કહેવાય?
- જે આત્મજ્ઞાની તે જ શ્રમણ બાકી બધા વેષધારી. જે વસ્તુને યથાર્થરૂપે જાણે તે જ મોક્ષનો ભાગીદાર બને.
- પરમાત્માની આજ્ઞાથી નિરપેક્ષ સમગ્ર વ્યવહાર જૂઠો છે. પરમાત્માની આજ્ઞાથી સાપેક્ષ વ્યવહાર સાચો છે. પરમાત્માના વચનથી નિરપેક્ષ વ્યવહાર કરનારનો સંસાર વધે છે માટે સમજી વિચારીને આચરણ કરવું.
- નિર્મળ શ્રદ્ધા રહિતની સર્વ ક્રિયાઓ એટલે જાણે રાખ ઉપર લીંપણ.
- ઉત્સૂત્ર – પરમાત્માએ દર્શાવેલ આગમ વિરુદ્ધ – ભાષણ કરવા જેવું મોટું કોઈ પાપ નથી. જગતમાં સૂત્ર અનુસાર આચરણ કરવા સમાન શ્રેષ્ઠ ધર્મ નથી.
- આ જગતમાં ધર્મ ધર્મ કરીને ભટકનારા લોકોનો તોટો નથી, એવા લોકો ધર્મનો મર્મ પણ જાણતા નથી હોતા.
- જેણે પરમાત્માના ચરણનું શરણ સ્વીકાર્યું હોય તેને કર્મબંધ ક્યાંથી હોય?
- હે પરમાત્મા! આ મનને જો હું ઠગ કહું તો ઠગ તો જણાતું જ નથી પણ શાહુકાર તો નથી જ. તે બધામાં છે પણ બધાથી અળગું છે એ મારે મન મોટું આશ્ચર્ય છે.
- ગુજરાતી ભાષામાં વ્યાકરણની દૃષ્ટિએ મન નપુંસક લિંગ છે પણ આશ્ચર્ય એ વાતનું છે કે તે સકલ મહાબળવાન વીરોને પણ હરાવી દે છે.
- પુરુષો બીજી બધી વાતે સમર્થ હોય છે પણ મન આગળ તો તેનું કશું જ ચાલતું નથી!
- છએ દર્શન પરમાત્માના અંગરૂપ છે, માટે જ પરમાત્માનો ઉપાસક છએ દર્શનનો ઉપાસક બને.
- જેમ ભમરીના ધ્યાનથી ઈયળ ભમરી બની જાય છે તેવી જ રીતે જો પરમાત્મા સ્વરૂપ બનીને પરમાત્માને ભજવામાં આવે તો પરમાત્મા બની જવાય.
- પૂજાનું ફળ ચિત્તની પ્રસન્નતા છે.
- તર્કની મદદથી ધર્મમાર્ગ જાણવો એટલે અપાર વાદ-વિવાદની પરંપરા, જેનો ક્યારેય પાર ન પામી શકાય!
- મુગ્ધ - ભોળા લોકો પ્રભુની સેવા ઘણી જ સરળ છે એમ માની સેવા કરવા લાગી જાય છે પરંતુ પ્રભુની સેવા તો અગમ્ય અને અનુપમ છે.
- તલવારની ધાર ઉપર ચાલવું સરળ છે પરંતુ પરમાત્માની સેવા કરવી - ભક્તિ કરવી અત્યંત કઠિન છે.
- હે પ્રભુ, તારા માર્ગ અંગે વિચારૂં છું તો નિરાશા વ્યાપી જાય છે. પરંપરાગત માર્ગ વિષે વાત કરૂં તો એક આંધળા પાછળ બીજો આંધળો દોડ્યા કરતો હોય એવી સ્થિતિ છે.

  આગમ અનુસાર માર્ગનું ચિંતન કરૂં છું ત્યારે તો પગલું મૂકવાનુંય ઠેકાણું જણાતું નથી!

  તર્કના આધારે આગળ વધું તો વાદની પરંપરા સર્જાય છે અને આમેય તર્કથી તો પાર પણ કેમ પમાય!

  વર્તમાનમાં તો સાચી વાત કરનાર કોઈ વીરલા જ છે.
- હે અભિનંદન સ્વામી! મને તારા દર્શનની રટ લાગી છે, પણ મને દર્શન કોણ કરાવે? સામાન્ય રીતે દર્શન અતિ દુર્લભ છે. આપનાં દર્શન પામવા માટે જૂદા જૂદા ઠેકાણે જઈ પૂછું છું પણ કોઈ સાચું ઠેકાણું બતાવતું નથી. બધા જ પોતપોતાના મતની સ્થાપના કરવામાં વ્યસ્ત છે!
- હે પ્રભુ! જો કોઈ સદ્‌ગુરુનો સમાગમ થઈ જાય અને તેઓ પ્રવચનરૂપી અંજન આંજે તો જ મારી આંખો નિર્મળ થાય અને મને શ્રેષ્ઠ નિધાનરૂપ ધર્મનો માર્ગ દેખાય.
- હે પ્રભુ! માર્ગને નિહાળવા ચર્મચક્ષુ તો સમર્થ નથી અને મનોજન્ય વિચારો તો દૂષિત પણ થઈ શકે. માટે મારા હૃદયનાં નેણથી મારે તને જોવો છે, તો જ મને તારો અપાર મહિમા સમજાય!
- હે પ્રભુ! માર્ગ પામવા હું સતત ભટકતો જ રહ્યો, વળી આ મન પણ જ્યાં ને ત્યાં દોડતું જ રહ્યું છે, પણ ક્યાંય ઠેકાણું ન મળ્યું! હવે મને સમજાયું છે કે તારી સાથે પ્રીત કરવા ભટકવાની જરૂર નથી. તને સમર્પિત થતાં જ બધું પ્રાપ્ત થઈ જાય છે.

**– તમામ અવતરણો**
**શ્રી આનંદઘનચોવીસીમાંથી સંકલિત**

INTERNET EDITION

# ટિટ બિટ્સ

## ➢ આ કેવી અજીબ સમાનતા

**ભ**રત, આદિત્યયશ, મહાયશ, બલભદ્ર, બલવીર્ય, કાર્તવીર્ય, જલવીર્ય અને દંડવીર્ય. આ બધામાં શું સમાનતા છે?

પ્રથમ ચક્રવર્તી ભરત અને તેમની પાટે આવેલા આ બધા જ રાજાઓને આરીસાભવનમાં કેવળજ્ઞાન થયું હતું અને આ બધા જ રાજાઓ શત્રુંજય ગિરિ ઉપર નિર્વાણ પામ્યા હતા.

પ્રથમ ચક્રવર્તી ભરત, પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનના પુત્ર હતા તે તો તમે જાણો જ છો.

## ➢ શત્રુંજય ઉપર મૂર્તિઓ કેટલી છે?

**શ**ત્રુંજય ગિરિ ઉપર (એટલે કે શત્રુંજય ગિરિ ઉપર, પાલીતાણામાં નહીં) આરસ અને ધાતુઓની બધી મળીને મૂર્તિઓની સંખ્યા કેટલી હશે? પાંચ હજાર? આઠ હજાર? દસ હજાર?

ના જી, ગિરિરાજ ઉપર ૨૮, ૭૪૦ – અઠ્યાવીસ હજાર સાતસો ચાલીસ – મૂર્તિઓ છે!

હવે પછી સિદ્ધગિરિની યાત્રા કરવા જાઓ ત્યારે તમે મૂર્તિઓની પાકી ગણતરી કરજો અને પછી જય જિનેન્દ્રને એ વાત જણાવજો.

હા, ક્રિકેટના સ્કોરના રેકોર્ડ ઘણા યાદ રાખી લીધા, થોડું ધ્યાન આ તરફ પણ આપશો તો મજા આવશે!

## ➢ ત્રિષષ્ટિશલાકા પુરુષ

**ચો**વીસ તીર્થંકરો, બાર ચક્રવર્તીઓ, નવ વાસુદેવો, નવ પ્રતિવાસુદેવો અને નવ બળદેવો; આ બધા શલાકા પુરુષ કહેવાય છે. બધા મળીને ૬૩ થતા હોવાથી 'ત્રિષષ્ટિશલાકા' પુરુષ કહેવાય. ત્રિષષ્ટિ એટલે ત્રેસઠ.

આમાંના ૨૪ તીર્થંકરો તે જ ભવે મોક્ષે જાય.

બાકી રહ્યા ઓગણચાલીસ. આમાંથી ચક્રવર્તીઓ જો દીક્ષા ગ્રહણ કરે અને જો તે તદ્ભવ મોક્ષગામી હોય તો તે જ ભવે મોક્ષે જાય. જો તદ્ભવ મોક્ષગામી ન હોય તો તે ભવમાં દેવલોકે જાય.

ચક્રવર્તીપદનો ભોક્તા જો તે ભવે દીક્ષા ગ્રહણ ન કરે તો તેની અવશ્ય નરક ગતિ જ થાય.

બળદેવો દીક્ષા ગ્રહણ કરીને યા તો મોક્ષે જાય અથવા તો દેવલોકે જાય પરંતુ તેઓ નરકે તો ન જ જાય.

બાકી રહ્યા વાસુદેવો અને પ્રતિવાસુદેવો. આ આત્માઓ તે ભવમાં કદી દીક્ષા લઈ શકે જ નહીં અને તેમને મરીને નરકમાં જ જવું પડે.

પણ એટલું નક્કી કે ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો અને પ્રતિવાસુદેવો કોઈ ને કોઈ ભવમાં તો મોક્ષે જાય જાય ને જાય જ.

## ➢ હેલો, તમે તપસ્વી છો? થોડી ટિપ્સ તમારી માટે...

**ત**મે તપ કરો એ બેશક સારી બાબત છે. તમે તપસ્વી તરીકે ઓળખાઓ એ પણ સુંદર વાત છે પણ સારા તપસ્વી બનવા માટે આટલી બાબતો ધ્યાનમાં રાખશો તો તમારા તપના સોનામાં સુગંધ ભળશે.

તપ કરતાં કરતાં અસમાધિ ન થાય તેનું ધ્યાન રાખવું, શરીર-ઇન્દ્રિયોની હાનિ ન થાય તેનું ધ્યાન રાખવું, મન, વચન, કાયાની શુદ્ધિ જળવાઈ રહે તેનું ધ્યાન રાખવું, અહંકાર, માયા, લોભ, લાલચ વગેરેથી કરાયેલ તપ અયોગ્ય છે. જે તપ કરીને સૂઈને દિવસ પસાર કરવો પડે તે તપ અયોગ્ય છે. ગામ-ગપાટાં મારીને, ટીવી વગેરે સામે ટાઇમ પાસ કરીને, પાનાં વગેરે રમવામાં સમય પસાર કરીને કરાયેલ તપ અયોગ્ય છે. જે તપથી દૈનિક ધાર્મિક ક્રિયાઓને હાનિ પહોંચે તેવો તપ પણ નકામો છે. જે તપમાં સ્વાધ્યાય, ધ્યાન, જપ, ભક્તિ, પૂજન વગેરે અનુષ્ઠાનો કરાય એ તપ જ આદરણીય છે.

અને હા, એક અગત્યની સલાહ : *'તપસ્વી ક્રોધી હોય'* તેવી છાપ ઊભી ન થાય તે જોવાની જવાબદારી તપસ્વીની પોતાની જ છે. ટૂંકમાં સારા તપસ્વી બનવું હોય તો સારા સમતાવાન પણ બનવું જ પડે. સમજી ગયા?

ચાલો, ક્યાંથી શરૂ કરીશું? આયંબિલથી કે ઉપવાસથી?

## ➢ તીર્થંકરો ગોચરી વહોરે ત્યારે શું થાય?

**તી**ર્થંકરો જ્યારે પણ કોઈના હાથે ગોચરી વહોરે ત્યારે પાંચ બાબતો એક સાથે બને. આને પાંચ દિવ્ય કહેવાય છે.

૧. પુષ્પની વૃષ્ટિ થાય,

૨. વસ્ત્રોની વૃષ્ટિ થાય,

૩. સાડા બાર કરોડ સુવર્ણમુદ્રાઓની વૃષ્ટિ થાય (લો, તમારા મોંમાં પાણી આવ્યુંને!),

૪. આકાશમાં 'અહો દાનં અહો દાનં'ની ઘોષણા થાય,

૫. આકાશમાં દુંદુભિ - દૈવી વાજિંત્રોનો નાદ થાય.

INTERNET EDITION

## ➢ તીર્થંકરોની માતાઓનાં ચૌદ સુપન વિષે આટલું જાણો

**ત**મે કાયમ બોલતા આવ્યા છો અથવા સાંભળતા આવ્યા છો કે પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઈઠ્ઠો, ત્રીજે.....

પણ આટલી વિગતો ધ્યાનમાં રાખીને ચૌદ સુપન અંગેના તમારા નોલેજને અપગ્રેડ કરશો :

આદિનાથ ભગવાનની માતાએ પહેલા સ્વપ્ન તરીકે વૃષભ જોયો હતો.

મહાવીર ભગવાનની માતાએ પહેલા સ્વપ્ન તરીકે સિંહ જોયો હતો.

બાકીના બાવીસ ભગવાનની માતાઓએ પહેલા સ્વપ્ન તરીકે ગજવર એટલે કે હાથી જોયો હતો.

થોડીક સમજણ બારમા સ્વપ્ન માટે...

જે તીર્થંકરોનું ચ્યવન દેવલોકમાંથી થાય તેમની માતા બારમા સ્વપ્ન તરીકે દેવવિમાન જુએ અને જે તીર્થંકરોનું ચ્યવન નરકમાંથી થાય તેમની માતા બારમા સ્વપ્ન તરીકે ભવન જુએ. (પ્લીઝ રિમેમ્બર, ભુવન નહીં, ભવન)

સ્વપ્નની વાત નીકળી છે તો ઓર એક મહત્ત્વની બાબત : પર્યુષણમાં સપનાં ઊતરતા જુઓ છો ત્યારે અગિયારમા સપના તરીકે શું ઊતરતું જુઓ છો? વહાણ? ના જી, એ વહાણ નથી. એ રત્નાકર એટલે કે સાગર છે. હવે પછી નવાં સપનાં બનાવડાવો ત્યારે એને દરિયાનો આકાર આપવાનું ભૂલશો નહીં.

બાય ધ વે, તમને કેવાં સપનાં આવે છે?

# ગ્રહદશા અને તેનું ફળ

પૂજ્ય સાધ્વી શ્રી જિતપૂર્ણાજી મહાસતીજી

**લેખાંક ત્રીજો**

## દશાધિપતિ મંગળ કઈ રાશિમાં હોય તો કેવું ફળ આપે?

જે જાતકનો દશાધિપતિ મંગળ મેષ રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં વિપુલ ધનલાભ, જમીન જાયદાદની અભિવૃદ્ધિ અને અનેક પ્રકારનાં ધાન્યનો લાભ થાય છે તેમ જ શત્રુનાશ, વિશાળ યશ, કીર્તિ, માનપાનમાં વધારો વગેરે લાભો થાય છે.

જે જાતકનો દશાધિપતિ મંગળ વૃષભ રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં શત્રુવિનાશથી સૌખ્ય, સ્થાવર સંપત્તિનો લાભ, યુદ્ધમાં વિજય, સરકારી તંત્ર તરફથી કાર્યસિદ્ધિ અને સન્માનની પ્રાપ્તિ થાય છે.

જે જાતકનો દશાધિપતિ મંગળ મિથુન રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં અમૂલ્ય મણિ, રત્નો તથા વસ્ત્રોની પ્રાપ્તિ, રાજદ્વારી સન્માનની પ્રાપ્તિ, બંધુવર્ગમાં સમૃદ્ધિ, ખેતી તથા ગોધનમાં વૃદ્ધિ તેમ જ સર્વ કાર્યોમાં સફળતા મળે છે.

જે જાતકનો દશાધિપતિ મંગળ કર્ક રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં શત્રુઓથી ભય, પોતાના નિવાસ સ્થાનનો વિનાશ, ભાઈ-ભાંડુથી કલહ, પુત્રનાશ અને સુખને હાનિકર કષ્ટો ભોગવવાં પડે છે.

જે જાતકનો દશાધિપતિ મંગળ સિંહ રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં સર્વ પ્રકારનાં સુખકર ફળ મળે છે. રાજદ્વારી સત્તાધીશો સાથે સ્નેહભર્યા સંબંધો, મનની પ્રસન્નતા, ગૃહલાભ તેમ જ ધાન્યાદિ સંપત્તિની અભિવૃદ્ધિ થાય છે.

જે જાતકનો દશાધિપતિ મંગળ કન્યા રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં અનેક શુભ ફળ પ્રાપ્ત થાય છે. વિદ્યાપ્રાપ્તિ, વાક્પટુતા તેમ જ બંધુ સાથે મિલાપ જેવા લાભ મળે છે.

જે જાતકનો દશાધિપતિ મંગળ તુલા રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં સ્વજનો તરફથી પ્રતિકૂળતા, જીવનસાથી તથા સંતાનનો વિયોગ, ધનધાન્યાદિ નાશ તેમ જ ગૃહનાશ જેવાં અતિ કષ્ટો પ્રાપ્ત થાય છે.

જે જાતકનો દશાધિપતિ મંગળ વૃશ્ચિક રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં ધનલાભ થાય છે. રાજકીય કક્ષાએ ઉચ્ચ અધિકારીઓ સાથે મિત્રતા, સ્વજનોનો અનુરાગ, બાંધવો પ્રતિ ઉપકાર વગેરે અનેક સુખપ્રદ ફળ પ્રાપ્ત થાય છે.

જે જાતકનો દશાધિપતિ મંગળ ધન રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં રાજ્ય તરફથી ધનપ્રાપ્તિ, ઉચ્ચ અધિકારીઓ સાથે મિત્રતા, ભાઈ-ભાંડુની વૃદ્ધિ, શત્રુનાશ અને સર્વ ઈચ્છિત કાર્યોની સિદ્ધિ થાય છે.

જે જાતકનો દશાધિપતિ મંગળ મકર રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં વિશાળ ભૂમિની પ્રાપ્તિ, રાજકીય ઉચ્ચ પદની પ્રાપ્તિ, યુદ્ધમાં વિજય, અભીષ્ટ કાર્યોમાં સફળતા તેમ જ વાહન, વસ્ત્ર, આભૂષણ, ધાન્ય આદિમાં વિશેષ લાભ પ્રાપ્ત થાય છે.

જે જાતકનો દશાધિપતિ મંગળ કુંભ રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં કષ્ટ-પીડા થાય છે. માનભંગ, રાજ્ય તરફથી તવાઈ આવવી, નોકર-ચાકર તરફથી ક્લેશ અને માતા તરફથી કલહ વગેરે અશુભ ફળો મળે છે.

જે જાતકનો દશાધિપતિ મંગળ મીન રાશિમાં હોય તેને મંગળની મહાદશાના કાળમાં ધન ધાન્યાદિ સંપત્તિનો લાભ, સ્થાવર સંપત્તિમાં અભિવૃદ્ધિ, ખેતીમાં લાભ, વસ્ત્રાદિની પ્રાપ્તિ, વિદ્યાલાભ તેમ જ વિદ્વાનોમાં માનપાન વગેરે પ્રાપ્ત થાય છે.

INTERNET EDITION

### તમારી કુંડલીમાં મંગળદોષ છે? મંગળની અશુભ દશાથી પરેશાન છો? તો આટલું અવશ્ય કરો

ઁ ह्रीं श्रीँ अर्हं श्रीवासुपूज्यस्वामिने नमः ह्रीं स्वाहा *એ મંત્રના જાપ નિયમિત કરો. આ માટે લાલ રંગની માળાનો ઉપયોગ કરો. લાલ કટાસણા ઉપર બેસીને માળા ગણો. શક્ય હોય તો વાસુપૂજ્યસ્વામી ભગવાનની મૂર્તિ સામે અથવા તેમના ફોટા સામે બેસી માળા ગણવી.*

### પ્રવાસ માટે ઘરમાંથી બહાર જતાં પહેલાં

*કોઈ ખાસ કારણ પ્રસંગે અથવા કોઈ શુભ કાર્ય નિમિત્તે બહાર જવાનું થાય ત્યારે આટલી બાબતો ધ્યાનમાં રાખો.*

*પ્રવાસના આગલા દિવસે અને પ્રવાસના પહેલા દિવસે કપડાં ધોવાનું ટાળો. ભીનાં કપડાં સાથે લઈને ઘરમાંથી બહાર જવાનું ટાળો.*

*પ્રવાસે નીકળતી વખતે ખાતરી કરો કે તમારો કયો સ્વર ચાલે છે. જો જમણો સ્વર ચાલતો હોય તો પહેલાં જમણો પગ ઉંબરાની બહાર મૂકો. જો ડાબો સ્વર ચાલતો હોય તો પહેલાં ડાબો પગ ઉંબરાની બહાર મૂકો. જો બન્ને સ્વર એક સાથે ચાલતા હોય તો પુરુષે પહેલાં જમણો પગ અને સ્ત્રીએ પહેલાં ડાબો પગ ઉંબરાની બહાર મૂકવો જોઈએ. ધાર્મિક કામ – યાત્રા વગેરે – માટે બહાર નીકળતા હો અને એ વખતે જો બન્ને સ્વર ચાલતા હોય તો તમારો પ્રવાસ ખૂબ યાદગાર બની રહેશે.*

*પ્રવાસે નીકળતી વખતે સામે ગાય, હાથી, કોયલ, મેના, મોર, સાધુ-સાધ્વીજી, કુમારિકા વગેરે મળે તો સારાં શુકન છે.*

*પ્રવાસે બહાર નીકળતી વખતે છાજિયા લેતી સ્ત્રી સામે મળે તો લાખ કામ જતાં કરીને પ્રવાસ મુલતવી રાખો. તે શક્ય ન હોય તો ઓછામાં ઓછું બે ઘડી એટલે કે અડતાલીસ મિનિટ તો થોભી જ જાઓ. બસ કે ટ્રેઈનના કટોકટ ટાઈમ ટેબલના કારણે ખોટી થવાય તેમ ન જ હોય તો એકવીસ નવકાર ગણીને અને ભગવાનનાં દર્શન કરીને પછી જ રવાના થાઓ.*

*પ્રવાસે જતાં જો ઘર બંધ કરીને જવાનું હોય તો ઘરમાં સુગંધી અગરબત્તી કરવાનું ભૂલવું નહીં. ઘર રમણ-ભમણ અવસ્થામાં મૂકીને જવું નહીં. બધી વસ્તુઓ યોગ્ય સ્થળે ગોઠવીને બહારગામ જાઓ. ઘર જેમ તેમ રામભરોસે મૂકીને જતા રહેવું એ સારૂં શુકન નથી.*

*જો અનુકૂળતા હોય તો જે ગામ જવાનું હોય ત્યાં પહોંચ્યાના દિવસે પરિવારમાંથી એકાદ જણ આયંબિલનું તપ કરી શકે તો અતિ ઉત્તમ. આમ કરવાથી કાર્યની સફળતાના ચાન્સ ખૂબ જ વધી જશે અને અડચણો, મુશ્કેલીઓ આવવાની શક્યતાઓ ઘણી જ ઓછી થઈ જશે.*

સમાધાનદાતા : પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

**૧૪. નારકીના જીવોને કયું સંઘયણ હોય?**

નારકીઓને કોઈ સંઘયણ ન હોય કેમકે તે જીવોને શરીરમાં હાડકાં, શિરા અને સ્નાયુ હોતાં નથી. અશુભ પુદ્‌ગલો તેમને અસંઘયણરૂપે પરિણમે છે. આ વિષયમાં વધુ રસ હોય તો સ્થાનાંગ, સમવાયાંગ વગેરે ગ્રંથો જોવા.

**૧૫. કિલ્બિષિક દેવોનાં સ્થાનો અંગે પ્રકાશ પાડશો?**

આ દેવોના ત્રણ પ્રકાર જાણવા મળ્યા છે :

૧. ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા. આ દેવોનું સ્થાન જ્યોતિષ્ક અને સૌધર્મ દેવલોકની વચ્ચે હોય છે.

૨. ત્રણ સાગરોપમના આયુષ્યવાળા. આ દેવોનું સ્થાન સૌધર્મ-ઈશાન અને સનત્કુમાર-માહેન્દ્ર દેવલોકની વચ્ચે હોય છે.

૩. તેર સાગરોપમના આયુષ્યવાળા. આ દેવોનું સ્થાન બ્રહ્મલોક અને લાંતકની વચ્ચે હોય છે.

**૧૬. દાનના દશ ભેદ એકવાર વાંચ્યા હતા. એમાં 'લજજાદાન'નો ઉલ્લેખ જોયો હતો. તો લજજાદાન એટલે શું સમજવું?**

સભામાં બેઠા હો અને અનિચ્છાએ લોકલાજે કે આંખની શરમે દાન આપવાનો વારો આવે તે લજ્જાદાન!

**૧૭. ક્યાંક ક્યાંક મોક્ષનો ઉલ્લેખ પંચમ ગતિ તરીકે કર્યો છે (જેમકે પંચમી ગતિ પહોંતા, મુનિવર કોડાકોડ વગેરે), એ તો સમજાઈ જાય છે. પરંતુ ક્યાં ક્યાંક મોક્ષના અર્થમાં અષ્ટમી ગતિનો ઉલ્લેખ પણ હોય છે. તો તેની સંગતિ કેવી રીતે થાય છે?**

આની સંગતિ આ રીતે થાય છે : દેવ, દેવી; માનવ, માનવી; તિર્યંચ, તિર્યંચી; અને નારકી. આ સાતને અતિક્રમવાથી જે ગતિ મળે તે આઠમી ગતિ મોક્ષ. નરકના જીવોમાં સ્ત્રી પુરુષના બદલે માત્ર નપુંસક વેદ હોય છે, તેથી તેનો એક જ ભેદ ગણવામાં આવે છે.

●●

# જય જિનેન્દ્રની પાઠશાળા

## આટલું જાણો અને ભૂલ કરતા હો તો સુધારો

- ભગવાનની પૂજા જમણા હાથની ત્રીજી આંગળીથી જ થાય. આ આંગળી અનામિકાના નામે ઓળખાય છે.
- ભગવાનની પૂજા કરતી વખતે તમારા નખ ચંદનમાં ન અડે કે ભગવાનને પણ ન અડે તેનું ખાસ ધ્યાન રાખો.
- ભગવાનની પૂજા પતી ગયા પછી તમારી આંગળી ઉપર કે નખમાં ક્યાંય ચંદન રહી ગયું નથી ને? તેની ખાતરી કરો.
- ભગવાનની પૂજા કરતી વખતે ચંદન તમારા કપડા ઉપર પડે નહીં, જમીન ઉપર ઢોળાય નહીં વગેરે બાબતોની ચીવટ રાખો.
- ભગવાનની પૂજા કરો ત્યારે માત્ર મોઢું બાંધો તે ન ચાલે. તમારા મોઢાની સાથે તમારૂં નાક અને તમારા કાન પણ ઢંકાવા જોઈએ.
- મોઢું બાંધતી વખતે રૂમાલના આઠ પડ કરવાનું ભૂલશો નહીં.
- પૂજાનાં વાસણો જેવાં કે થાળી, વાટકી, કળશ વગેરે ખખડાટ ન કરે તેવી રીતે શાંતિથી લેવાં મૂકવાં જોઈએ.
- દેરાસરમાં સૂત્રો, સ્તોત્ર, સ્તવન, સ્તુતિ વગેરે એટલા જોરથી ન બોલો કે જેથી બીજાને માટે તમારી ભક્તિ ત્રાસદાયક બની ઊઠે.

### નિસીહિ અને તમે

*'નિસીહિ નિસીહિ નિસીહિ, દાદાને ત્રણ વાર નિસીહિ'* એવું ક્યારેય બોલવાનું હોતું નથી. 'નિસીહિ' એ દાદાને આપવા માટેનો કોઈ પદાર્થ નથી!

૧. દેરાસરમાં દાખલ થાઓ ત્યારે પહેલી વાર 'નિસીહિ' બોલો.
૨. ગભારામાં દાખલ થાઓ ત્યારે બીજી વાર 'નિસીહિ' બોલો.
૩. ચૈત્યવંદન શરૂ કરતાં પહેલાં ત્રીજી વાર 'નિસીહિ' બોલો.

અને હા, આ ત્રણે વખત નિસીહિ બોલવામાં બૂમો પાડવાની જરૂર નથી. તમે બોલો અને તમે સાંભળો એટલું પૂરતું છે.

- અડધું ચૈત્યવંદન પડતું મૂકીને પૂજા કરવા દોડી જવું અને અડધી પૂજા પડતી મૂકીને ચૈત્યવંદન કરવા દોડી જવું એ બન્ને બાબતોને દેશવટો આપી દો. પહેલાં દ્રવ્યપૂજા અને પછી ભાવપૂજા એ ક્રમ જાળવી રાખવાની ટેવ પાડો.

## કૉન્ફ્યુશિયસ અને તેમનો શિષ્ય

નામાંકિત તત્ત્વવેત્તા કૉન્ફ્યુશિયસની એક ખાસિયત હતી. તેમના આશ્રમમાંથી ભણીને બહાર જનાર વિદ્યાર્થી તેમને જતાં જતાં એક સવાલ પૂછતો. આ સવાલમાં જીવનનાં ગંભીર રહસ્યો છુપાયેલાં રહેતાં.

એક ચકોર વિદ્યાર્થીએ આશ્રમ છોડતી વખતે કૉન્ફ્યુશિયસને એવો સવાલ પૂછવાનું નક્કી કર્યું કે જવાબ આપવામાં ગુરુને ખોટા જ પડવું પડે. પોતાના હાથમાં એક પંખીને લઈને તે ગુરુ પાસે પહોંચ્યો. તેણે પૂછ્યું : ' ગુરુજી, મારા હાથમાં જે પંખી છે તે જીવતું છે કે મરેલું?'

કૉન્ફ્યુશિયસ સમજી ગયા. જો તેઓ પંખીને જીવતું કહે તો શિષ્ય કદાચ તેને મારી પણ નાખે. મરેલું કહે તો તે તેને ઊડાડી મૂકે. પણ આ તો કૉન્ફ્યુશિયસ હતા. જીવનનાં રહસ્યોને પાર પામેલા ગુરુના મનને કળવું બહુ અઘરૂં હોય છે. તેમણે જવાબ આપ્યો :

'દીકરા, આ પંખીનું જીવન કે મરણ તારા જ હાથમાં છે. તું ધારે તો તેને જીવતું પણ રાખી શકે અને જો તું ધારે તો તેને મારી પણ શકે!'

શિષ્યની આંખોમાંથી વહેતાં આંસુઓએ તેના હૈયાના મેલને ધોઈ નાખ્યો અને ગુરુએ પણ તેને ભાવભીની વિદાય આપી.

– *શ્રીમતી વીરબાળાબેન શાહ (ભારતી સોસાયટી, અમદાવાદ)*

## બાલદોસ્તો... આ કોયડાનો જવાબ લખી મોકલો.

એક ભાઈ ગાડી લઈને જતા હતા અને એક નાનો છોકરો તેમની ગાડીની હડફેટમાં આવી ગયો. ભાઈએ ગાડીમાંથી ઊતરીને જોયું તો એમના મોઢામાંથી નીકળી ગયું : *'ઓહ, ધિસ ઈઝ માય સન...'* હાંફતાં હાંફતાં તેમણે છોકરાને ગાડીમાં નાખ્યો અને તરત દવાખાને લઈ ગયા. છોકરાને જોઈને ફરજ પરના ડૉક્ટરના મોઢામાંથી પણ એ જ શબ્દો નીકળી ગયા : *'ઓહ, ધિસ ઈઝ માય સન...'*

દોસ્તો, છોકરાના ખરા પપ્પા તો તેને દવાખાનામાં લાવ્યા તે જ હતા, તો પછી ફરજ પરના ડૉક્ટરે એમ શા માટે કહ્યું કે *'ઓહ, ધિસ ઈઝ માય સન...'* આજે જ જય જિનેન્દ્રને તમારો જવાબ લખી મોકલો.

*કોયડો મોકલનાર :*

– *નિરાલી આર. જોધાણી (વસ્ત્રાપુર, અમદાવાદ)*

## સંઘર્ષ મારો ભાઈ અને વેદના મારી બહેન

સંઘર્ષ જીવનને ઘાટ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સંઘર્ષનો સામનો માણસ કઈ રીતે કરે છે એની ઉપરથી નક્કી થઈ શકે છે કે માણસ કઈ દિશા તરફ ગતિ કરી રહ્યો છે. એ પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે કે વિનાશ તરફ આગળ વધી રહ્યો છે.

દુનિયા જેને આગળ આવેલો માણસ ગણે છે, નિરંતર પ્રગતિનાં શિખર સર કરનારો માણસ ગણે છે એવા માણસના જીવનમાં ઊંડા ઊતરો. એનો ભૂતકાળ ફંફોસો. ત્યાં સંઘર્ષની કથાના અંશો વિખરાયેલા પડ્યા હશે. સંઘર્ષના પાયા ઉપર પ્રગતિની ઇમારત ચણાય છે. જેણે જીવનમાં સંઘર્ષ વેઠ્યો નથી, જેણે જીવનમાં માર ખાધો નથી કે ઠોકરો સાથે જેને કામ પડ્યું નથી એવો માણસ ભાગ્યે જ પ્રગતિના પંથે આગળ વધી શકે છે. અન્ય શબ્દોમાં કહીએ તો સંઘર્ષ સાથે પનારો પાડ્યા વગર આગળ વધેલા લોકોની યાદી ઘણી નાની છે. જ્યારે સંઘર્ષોનો સામનો કરીને અમર બનેલાઓથી ઇતિહાસનાં પાનાં ભરાયેલાં પડ્યાં છે.

દુનિયા જેને પૂજવામાં આજે ગૌરવ અનુભવે છે એમનાં નામોના ઇતિહાસની વિગતો તપાસો. પારાવાર સંઘર્ષની વેદનામાંથી પસાર થયેલાં એ નામો છે. સંઘર્ષના પ્રકારો અલગ હોઈ શકે. વેદનાઓમાં વૈવિધ્ય હોઈ શકે. વ્યથાઓ ભોગવવાના તરીકાઓ જુદા હોઈ શકે પણ એ બધામાંથી એમને પસાર થવું પડ્યું છે એ નક્કી. કસોટીઓની અગનજાળમાંથી પસાર થયેલા લોકો જ જતે દિવસે આદરનું કેન્દ્ર બન્યા છે અને એવા લોકો જ પૂજાનું પાત્ર બન્યા છે.

મહાવીરની કથા વાંચો, ચંદનબાળાની વાંચો, મીરા, સોક્રેટિસ, બુદ્ધ, રામચંદ્ર અને તમારા મનમાં રમતી વિભૂતિઓ. આ બધાએ કોઈ ને કોઈ રીતે સંઘર્ષોનો સામનો કરવો પડ્યો છે. આ તો આધ્યાત્મિક જગતની વિભૂતિઓની વાત થઈ. ભૌતિક જગતમાં નામ કમાનારાઓને પણ ક્યારેક ને ક્યારેક કોઈ ને કોઈ રીતે સંઘર્ષ વેઠવો જ પડ્યો છે. અબ્રાહમ લિંકન, થોમસ આલ્વા એડિસન વગેરે મહાનુભાવો એનાં જીવંત ઉદાહરણ છે. એમની યશોગાથા ગાતાં પહેલાં તો એમણે ઉપાડેલો વેદનાઓનો બોજ કેવો હતો એ જોવાની જરૂર છે. એમણે વેંઢારેલી મુશ્કેલીઓના પાયા ઉપર એમના યશસ્વી જીવનની ઇમારત ચણાઈ છે.

સંઘર્ષ માણસના જીવનશિલ્પને કંડારી આપે છે. વેદનાઓ માણસની આંતરિક આકૃતિને મઠારી આપે છે. જીવનનો નમૂનેદાર અને આદર્શ ઘાટ ઘડવામાં વ્યથાઓ અગત્યનો ભાગ ભજવે છે. પણ જેઓ સંઘર્ષ, વેદના, વ્યથા, સંકટો અને વિકટ પરિસ્થિતિઓથી મોઢું ફેરવી જાય છે તેઓ કાળની અજ્ઞાત ગર્તામાં વિલીન થઈ જાય છે. વિકટ પરિસ્થિતિથી મોઢું ફેરવી લેવાનો અર્થ પ્રગતિથી મોઢું ફેરવી લેવું એવો જ થાય છે.

મૂર્તિ બનતાં પહેલાં પત્થર ટીચાય છે. જે પત્થરની કિંમત હજાર રૂપિયા હોય તે જ પત્થર ટીચાઈને મૂર્તિમાં તબદિલ થયા પછી લાખ રૂપિયાનો બની જાય છે અને વધારામાં તે ભગવાનનો દરજ્જો પ્રાપ્ત કરે છે. સુગંધ ફેલાવવા માટે અગરબત્તીને બળવા તૈયાર રહેવું પડે છે. બળવા માટે તૈયાર ન થનાર અગરબત્તી પોતાનો પમરાટ દૂર સદૂર ફેલાવી શકતી નથી. અત્તર બનવા માટે ફૂલોએ પિસાઈ જવા તૈયાર રહેવું પડે છે. ફૂલનું આયુષ્ય ચોવીસ કલાકનું હોય છે, અત્તરનું આયુષ્ય વરસોનું હોય છે. અનેક ખીણો અને અણીદાર પત્થરો વચ્ચેથી વીંધાઈને ગામના પાદરેથી વહેતી નદીને લોકો લોકમાતા કહે છે. અણીદાર પત્થરો વચ્ચે વહેવા તૈયાર ન હોય એવા તળાવના પાણીના જત્થાને કોઈ લોકમાતા કે લોકપિતા કહેતું નથી. ધરતીમાં દટાઈ જવા તૈયાર હોય એવા બીજથી ખેતર લીલુંછમ્મ બની રહે છે. ગોડાઉનમાં સલામત પડેલા બીજમાં ધનેડાં પડી જાય છે! પ્રસૂતિની પીડા વેઠે તેને જ માતાનો પાવન દરજ્જો મળે છે.

માર્ગ હશે ત્યાં કાંટા આવશે. કાંકરા આવશે. અવરોધો આવશે. વિરોધીઓ પછાડવાની રમતો આદરશે. દુશ્મનો મિત્રના લેબાસમાં આવશે. તેઓ મિત્ર બનીને આવશે અને તમારી પીઠમાં ખંજર ભોંકી દેશે. પણ દુશ્મન દુશ્મનના લેબાસમાં જ પેશ થાય તો ડરવાની જરૂર નથી. સામનો કરજો. હારશો નહીં. કંટાળશો નહીં. થાકશો નહીં.

મહાવીર બનવું હશે તો કાનમાં ખીલા ઠોકાય અને પગમાં ખીર રંધાય તે માટે તૈયાર રહેવું પડશે. સમવસરણ સુધી પહોંચવાનો રસ્તો ફૂલોના ઢગલાઓ વચ્ચેથી પસાર નથી થતો. બાવળના કાંટા વચ્ચેથી પસાર થાય છે.

નબળા મનના લોકો વાત વાતમાં મરી જવાની વાતો કરતા હોય છે. જો કે તેઓ મરવા માટે પણ સજ્જ થઈ શકતા નથી. કેમકે મરવા માટે પણ છેવટે તો વિકટ સ્થિતિનો જ સામનો કરવો પડે છે. એટલું યે સાહસ તેઓ ક્યાંથી કરી શકે? *'અમે તો કંટાળી ગયા છીએ આ જીવનથી'* તેઓ કહે છે : *'હે ભગવાન હવે તો મોત આવે તો સારું.'* આવા લોકોએ ઇતિહાસમાં પોતાના તરફથી કંઈ પ્રદાન કર્યાનું નોંધાયું નથી. આવા લોકો કદાચ મરવા નીકળે તોય ટિફિનનો ડબ્બો સાથે લઈને જ નીકળે!

જગત આખું તમારી ઉપર અન્યાય કરવા માટે પોતાનાં તમામ હથિયારો લઈને તૂટી પડે, તમને સર્વ રીતે તોડી નાખવાની કોશિશ કરે, તમને કચડી નાખવાનાં કાવતરાં કરે ત્યારે પણ તમે નિરાશ ન થશો. ત્યારે પણ મેદાન છોડીને ભાગી જવાનો વિચાર ન કરશો.

આ દિવસો ક્યારે પૂરા થશે એવો વિચાર જે દિવસે તમને આવે તે જ દિવસે સંઘર્ષો તમારા જીવનમાં સંગીત બનીને દાખલ થશે એવી આસ્થા રાખીને તમે તમારા ધ્યેયને વળગી રહેશો ત્યારે જ તમે જોશો કે લોકોની લાઇન લાગી છે તમને પોંખવા માટે.

કમનસીબે ઘણાખરા લોકો સંઘર્ષના અંતિમ બિન્દુએ જ નિરાશ થઈ જઈને જીવનની લગભગ જીતી લીધેલી બાજી હારી બેસતા હોય છે.

**– આનંદમૂર્તિ**

INTERNET EDITION


જય જિનેન્દ્રનું લવાજમ ક્યાં ક્યાં ભરી શકાય?

**શ્રી જિગર જે. શાહ**
મેઉવાલા બિલ્ડિંગ, બેન્ક ઓફ ઇન્ડિયા સામે, રામનગર, સાબરમતી, અમદાવાદ ૩૮૦ ૦૦૫

**શ્રી ચંપકલાલ એ. શાહ**
૧૬૭૭/૨ કાળુપુર ટંકશાળ, ઢીંકવા ચોકી પાસે, હાજા પટેલની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧

**શ્રી હિંમતલાલ મણિલાલ વોરા**
૧૭, અનંતનિવાસ વિભાગ ૩, ગોગ્રાસવાડી ગેટ પાસે, ડોમ્બીવલી (ઇસ્ટ) ૪૨૧ ૨૦૧

**વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા ● પાંચ વરસનું લવાજમ ૫૦૦ રૂપિયા**

**પાંચ વરસનું લવાજમ ભરો અને ભગવતી પદ્માવતીનો એકસો આઠ ફણાનો રંગીન ફોટો મેળવો, સાથોસાથ ડ્રૉ યોજનામાં સામેલ થાઓ**



## ઘટમાળ

**ભૂજ : મામલો ગરમાગરમ છે.**

પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે *જય જિનેન્દ્ર*ના માધ્યમથી ભૂજનાં ધર્મસ્થળો બાબતે પોતાનો બુલંદ અવાજ રજૂ કર્યો હતો. પૂજ્યશ્રી દ્વારા ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે લાગતા વળગતાં સ્થળોએ સમગ્ર જૈન સમાજ વતી આ લાગણી પહોંચતી કરાઈ છે. પૂજ્ય મહારાજશ્રીએ ગુજરાતના દરેક રાજકીય પક્ષોના આગેવાનો સાથે પ્રત્યક્ષ વાતચીત કરીને આ મુદ્દે અંગત રસ લઈને જૈન સમાજની ન્યાયપૂર્ણ, વ્યાજબી એવી માગણી તરફ ધ્યાન આપવા ખાસ આગ્રહ કર્યો છે. જેનાં સુંદર પરિણામો ટૂંક સમયમાં જ જોવા મળશે.

**ભગવતી પદ્માવતી માતાજીનો હવન યોજાયો**

અમદાવાદની ભારતી સોસાયટી ખાતે પેથાપુર નિવાસી શ્રીમતી વીરબાળાબેન શાહ અને પરિવારજનો તરફથી ભગવતી પદ્માવતી માતાજીના પૂજન હવન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૬ જાન્યુઆરીના મંગલ દિવસે પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની પાવન નિશ્રામાં યોજાયેલા આ હવનમાં ઉપસ્થિત રહેલા ભાવિકો મન મૂકીને રસતરબોળ બન્યા હતા. શ્રીમતી વીરબાળાબેન અને તેમના પરિવારજનોએ આગંતુકોનું સ્નેહભીનું સ્વાગત કર્યું હતું.

**પૂ. પં. શ્રીનિત્યવર્ધનસાગરજી મહારાજશ્રીનો કાળધર્મ**

પૂજનીય પંન્યાસપ્રવર શ્રીનિત્યવર્ધનસાગરજી મહારાજશ્રી માગસર વદ ૧૪, તા. ૧.૧.૨૦૦૩ બુધવારે નાંદિયા મુકામે કાળધર્મ પામ્યા છે. પૂજ્યપાદ આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીના પરિવારના પૂજ્ય પંન્યાસ-પ્રવરશ્રીનું મૂળવતન પણ નાંદિયા જ હતું. જીવંતસ્વામીની મૂર્તિ માટે પ્રખ્યાત એવા નાંદિયા તીર્થમાં કાળધર્મ પામેલા પૂજ્ય મહારાજશ્રી પોતાની ઉગ્ર અને દીર્ઘ તપશ્ચર્યા માટે જૈનસંઘમાં સુવિશ્રુત હતા. *જય જિનેન્દ્ર* પરિવાર પૂજ્યશ્રીનાં ચરણોમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે અને તેઓશ્રીનો પવિત્ર આત્મા ખૂબ જલદી અષ્ટકર્મોથી મુક્ત બનીને શાશ્વતસુખનો ભાગી બને તેવી અંજલિ અર્પિત કરે છે.

**જૈનાચાર્યોનો મુંબઈ તરફ વિહાર**

પૂજનીય આચાર્ય શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજશ્રી તથા તેઓશ્રીના પટ્ટધર પૂજનીય આચાર્ય શ્રી કીર્તિસેનસૂરીશ્વરજી મહારાજશ્રી આદિ મુનિવરો પાલીતાણાની તીર્થભૂમિ ઉપર યશસ્વી ચાતુર્માસ કર્યા બાદ હવે આગામી સમયમાં મુંબઈ તરફ વિહાર કરશે. તેઓશ્રીનું આગામી ચાતુર્માસ મુંબઈમાં થશે એમ એક યાદીમાં જણાવાયું છે.

**મલેશિયામાં જૈન દેરાસરની પ્રથમ સાલગીરીની ઉજવણી થશે.**

મલેશિયાના ઈપો નગરમાં ગત વરસે પ્રતિષ્ઠિત થયેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનના શિખરબંધી જિનાલયની પ્રથમ સાલગીરીનો પ્રસંગ ધામધૂમથી ઊજવવામાં આવનાર છે.

ગત વરસે જ મલેશિયાની ધરતી ઉપર સર્વપ્રથમ વાર નૂતન જિનમંદિરનું નિર્માણ થયું હતું. આ જિનમંદિરના પ્રેરક બંધુત્રિપુટી તરીકે પ્રખ્યાત એવા શ્રીકીર્તિચંદ્રજી મહારાજ અને શ્રીજિનચંદ્રજી મહારાજ આ સાલગીરી પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેનાર હોવાથી મલેશિયામાં વસતા જૈનોમાં આનંદ વ્યાપી ગયો છે.

શ્રી ભરતભાઈ જસાણી અને શ્રીમતી તરુલતાબેન જસાણીના યોગદાનથી બનેલ આ દેરાસર ગતવર્ષે તેની પ્રતિષ્ઠાના દિવસે જ શાંતિનિકેતન ફાઉન્ડેશન - મલેશિયાને સોંપી દેવામાં આવ્યું છે.

બીજી ફેબ્રુઆરીના રોજ સાલગીરી નિમિત્તે ધ્વજારોહણ કરવામાં આવશે. આ પ્રસંગે અઢાર અભિષેક, સાધર્મિક વાત્સલ્ય અને શ્રીબંધુત્રિપુટીનાં પ્રવચનોનું આયોજન થનાર છે. આ ઉપરાંત સાલગીરી મહોત્સવ પૂર્વે મલેશિયાના મલાકા અને કુઆલાલંપોર ખાતે પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન થનાર છે.

**શ્રી રમણલાલ સી શાહનું સુવર્ણચંદ્રક દ્વારા બહુમાન**

જાણીતા સાક્ષરવર્ય શ્રી રમણલાલ સી. શાહને *'સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિ સુવર્ણચંદ્રક'* દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ અમદાવાદના ગજ્જર હોલ ખાતે યોજાયેલા એક ભવ્ય સમારંભમાં આ ચંદ્રક તેમને પ્રદાન કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સદ્‌ગત ધર્મમૂર્તિ શ્રી બાબુલાલ અમૃતલાલ શાહના પરિવારજનો દ્વારા સ્થાપવામાં આવેલો આ ચંદ્રક દર વરસે સાહિત્યજગતના પ્રતિભાસંપન્ન સર્જકોને આપવામાં આવે છે.

નામાંકિત આગેવાનો શ્રી શ્રેણિકભાઈ, શ્રી રાજેન્દ્રભાઈ (સાલ હોસ્પિટલ), મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ભોળાભાઈ પટેલ, પ્રસિદ્ધ કેળવણીકાર શ્રી કે. કા. શાસ્ત્રી, શ્રી કુમારપાળ દેસાઈ વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ગૌરવપ્રદ સમારોહમાં શ્રી રમણલાલ સી. શાહનું બહુમાન કરવામાં આવ્યું ત્યારે ભાવભીનાં દૃશ્યો સર્જાયાં હતાં.

અધ્યક્ષપદેથી શ્રી ભોળાભાઈ પટેલે શ્રી રમણભાઈની સાહિત્યિક પ્રતિભાને બિરદાવી હતી અને પ્રશસ્તિપત્ર અર્પણ કર્યો હતો. અન્ય વિદ્વાનોએ પણ પ્રાસંગિક વાતો કરી હતી. શ્રી રમણલાલ સી. શાહનાં ધર્મપત્ની શ્રીમતી તારાબેને શ્રી શાહની સાહિત્યસાધનાની અનેક જાણી અજાણી બાબતો ઉપર પ્રકાશ પાડ્યો હતો. પોતાના સન્માનના પ્રત્યુત્તરમાં શ્રી રમણલાલ સી. શાહે માનકષાયથી બચવાની વાત કરીને પોતાના સર્જનનો ખ્યાલ આપ્યો હતો.

શ્રી બાબુલાલ અમૃતલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ વતી ડૉ. જિતેન્દ્ર બી. શાહે સર્વ આગંતુકોનું સ્વાગત કર્યું હતું અને ટ્રસ્ટ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો.

### સાભાર સ્વીકાર

**● ષડ્‌દર્શન સુબોધિકા ●**

(બીજી આવૃત્તિ)

*સંપાદક : પૂજનીય આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ*
*પ્રકાશક : શ્રી લબ્ધિનિધાન ચેરિટેબલ ટ્રસ્ટ*
*શીતલનાથ સોસાયટી વિભાગ ૧, ખાનપુર બહાઈ સેન્ટર, અમદાવાદ*
*મૂલ્ય : અમૂલ્ય*

મધુરભાષી પૂજનીય જ્યોતિર્વિદ આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ દ્વારા તૈયાર થયેલ આ પુસ્તક ૨૮ વરસના ગાળા બાદ પુનર્મુદ્રિત થઈને નવા રંગરૂપ સાથે પ્રગટ થયું છે. જૈન, બૌદ્ધ, સાંખ્ય, વેદાંત, વૈશેષિક વગેરે દર્શનોને કેન્દ્રમાં રાખીને આ પુસ્તિકામાં વિવરણ કરવામાં આવ્યું છે. મુખ્યત્વે સ્યાદ્‌વાદમંજરીને કેન્દ્રમાં રાખીને આ પુસ્તકની રચના કરવામાં આવી છે. શ્રી હરિભદ્રસૂરિના ષડ્‌દર્શન સમુચ્ચયનો પણ સંપાદનકાર્યમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

જૈન દૃષ્ટિએ ન્યાયના વિષયમાં પ્રવેશ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને આ પુસ્તક ઉપયોગી બનશે એવી આશા સંપાદકશ્રીએ વ્યક્ત કરી છે.

* * *

**● શ્રી આચારાંગસૂત્ર ●**

(શ્રી રાજેન્દ્ર સુબોધિની આહોરી ટીકા)

*હિન્દી ટીકાકાર : પૂજ્ય મુનિરાજ શ્રી જયપ્રભવિજયજી મહારાજ 'શ્રમણ'*
*સંપાદક : પં. રમેશચંદ્ર લીલાધર હરિયા*
*પ્રકાશક : શ્રી ભૂપેન્દ્રસૂરિ સાહિત્ય સમિતિ, દેરાસર શેરી, આહોર (રાજ.)*
*મૂલ્ય : ૧૨૫ રૂપિયા*

આચારાંગસૂત્રને કેન્દ્રમાં રાખીને આજ સુધી ઘણું સાહિત્ય પ્રકાશિત થયું છે. હિન્દી ભાષામાં પણ આ વિષયમાં અનેક સ્થળોએથી સાહિત્ય પ્રકાશિત થયું છે. પરંતુ શ્રી શીલાંકાચાર્ય મહારાજે રચેલી આચારાંગ ટીકાના આધારે કોઈ હિન્દી વિવરણ લખાયું નહીં હોવાનું અનુવાદકે જણાવ્યું છે. તેઓશ્રીના જણાવ્યાનુસાર સર્વપ્રથમ વખત એ વિવરણ તૈયાર થઈને પ્રકાશિત થઈ રહ્યું છે. જેને લેખક દ્વારા *'શ્રી રાજેન્દ્ર સુબોધિની આહોરી ટીકા'* એવું નામ આપવામાં આવ્યું છે.

ત્રૈસ્તુતિક પરિવારના પૂજનીય આચાર્ય શ્રી વિજય યતીન્દ્રસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય પૂજનીય મુનિરાજ શ્રી જયપ્રભવિજયજી મહારાજ 'શ્રમણ' દ્વારા તૈયાર થયેલ આ વિવરણ પં. શ્રી રમેશચંદ્ર લીલાધર હરિયા દ્વારા સંપાદિત થઈને પ્રકાશિત થયું છે. અત્યારે પ્રકાશિત થયેલું આ વિવરણ પ્રથમ ભાગરૂપે છે અને પ્રથમ ભાગમાં પણ માત્ર પ્રથમ અધ્યયનનું જ વિવરણ છે. જો કે વિવરણ લેખક મુનિશ્રીએ *'આચારાંગસૂત્ર તીન ભાગોંમેં પ્રકાશિત હો રહા હૈ'* એમ સૂચિત કર્યું જ છે.



જય જિનેન્દ્ર માટે અભિપ્રાય શું લખું? આજના સમયને અનુરૂપ. જેની ખાસ જરૂરિયાત હતી તે પૂર્ણ થઈ હોય તેવો અનુભવ થયો. ખૂબ જ પ્રભાવિત થયો. આપની નીડરતા અને નિખાલસતા માટે ગૌરવ અનુભવું છું.

**રાજેશ એન. વાલાણી** તંત્રીશ્રી : 'અર્હમ્ સુંદરમ્' (કૃષ્ણનગર, અમદાવાદ)

**ભૂજ નગરપાલિકાના સત્તાધારીઓ, રુક જાવ...** (ડિસેમ્બર, ૨૦૦૨) લેખ અમારા અણુએ અણુને ધણધણાવી ગયો. આટલું સ્પષ્ટ, આટલું નિર્ભીક લખાણ લખવા માટે ઘણી મોટી છાતી જોઈએ. આજના મુનિઓ નેતાઓને જોઈને ઘેલાં કાઢે છે ત્યારે તમે હૈયું નિચોવી નાખીને જે લખ્યું તેણે અમારા હૈયાને વલોવી નાખ્યું. આ લેખ શાસન પ્રત્યેની તમારી ધગશનો ઉત્કૃષ્ટ નમૂનો બની રહેશે. તમે જે શબ્દો વીણી વીણીને લખ્યા છે તે પગથી ચોટી સુધી ઝાળ લગાવી દે એવા છે. મારી પાસે તમને અભિનંદન આપવા માટે શબ્દો જ નથી. આવી જ રીતે શાસનના પ્રશ્ને લખતા રહો અને શાસનમાં બેફામપણે ફેલાયેલી ગેરવ્યવસ્થા સામે પણ અવાજ ઉઠાવો એવી અમારા સૌની અંતરેચ્છા છે. તમારી કલમમાં તાકાત છે એનો ઉપયોગ કરીને શાસનના દ્રોહીઓને છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દો એવી ખાસ અપેક્ષા છે. બીજી ખાસ વિનંતી એ કે આ અંક ભારતભરમાં જૈન સંઘોને, ભારતભરનાં બધાં વર્તમાનપત્રોને અને જૈનસંઘના સર્વ મોભીઓ, સાધુ ભગવંતો વગેરેને રવાના કરી શકાતો હોય તો એના પોસ્ટેજનો તમામ ખર્ચ અમે ઉઠાવવા તૈયાર છીએ.

**હસમુખલાલ હીરાલાલ શાહ** (ઘાટકોપર, મુંબઈ)

ભૂજના લખાણે ગજબ કરી નાખ્યો! આપે તો કમાલ કરી દીધી ગુરુદેવ! વરસો પહેલાં આપનાં વ્યાખ્યાનોમાં જે જોશ જોયો હતો તેની યાદ આવી ગઈ. હવે મને આંખે ઓછું દેખાય છે પણ મારી દીકરી ચેતનાએ આખો લેખ પાંચ વાર વાંચી સંભળાવ્યો. શાસનદેવ જરૂર ભૂજના પ્રશ્ને આપની આરજૂ સાંભળશે. મને ખાતરી છે કે આનો ધાર્યો પડઘો પડવાનો જ છે.

**ગિરધરલાલ વાડીલાલ મહેતા** (પાર્લા, મુંબઈ)

ભૂજનાં ધર્મસ્થળો માટે મહારાજશ્રી મિત્રાનંદજીએ જે લખ્યું છે તે હાડોહાડ સોંસરવું ઊતરી જાય તેવું છે. અમે તો વાંચીને જ સડક થઈ ગયાં!

**રેવાબેન વીરચંદ વોરા** (પાર્લા, મુંબઈ)

ધર્મસ્થળોના ધ્વંસ માટે જવાબદાર એવા લોકોને આધુનિક બાબરો તરીકે ઓળખાવીને જય જિનેન્દ્રે ઘણું કહી દીધું. જ્યાં સુધી સમાજ જાગીને ત્રીજી આંખ ખોલશે નહીં ત્યાં સુધી આવા બાબરો પાક્યા જ કરવાના છે.

**શ્રીકાન્ત દેસાઈ** (વાસણા, અમદાવાદ)

ભૂજ, ભૂજ અને ભૂજ. અંક ઘરમાં આવ્યો ત્યારનાં ઘરમાં બધાં એની ચર્ચા કર્યા કરીએ છીએ! ધારદાર છતાં શાલીન રજુઆત. જય જિનેન્દ્રને વિનંતી કે બીજા ઘણા ગંભીર પડકારો પણ આપણા સમાજ સામે ઊભા જ છે આથી આ લેખના લેખક મહારાજશ્રીને કહેશો કે તે બધા પ્રશ્નો સામે પણ તેઓશ્રી પોતાનો અવાજ ઉઠાવે.

**નારણભાઈ મોતા** (વસ્ત્રાપુર, અમદાવાદ)

**સાહેબજી**, શું વાપરીને લખવા બેઠા હતા? ભૂજના લખાણે તો અમારા સર્કલમાં ગરમાવો લાવી દીધો છે! આ લખાણની સો ઝેરોક્સ કરીને બધા ઓળખીતાઓને આપી છે. લાજવાબ રજુઆત. હવે કોને ઝપટમાં લેવાના છો?

**અચરતલાલ ભણસાલી** (નાના ચોક, મુંબઈ)

ભૂજમાં જે થઈ રહ્યું છે તેની આવી રજુઆત કોઈએ ન કરી. વાતે વાતે સંસ્કૃતિની રક્ષાની ગુલબાંગો પોકારનારો વર્ગ આ મામલે ચૂપ છે ત્યારે જય જિનેન્દ્ર દ્વારા જે રજુઆત થઈ તે લોહીને ગરમ કરી દેનાર રહી. આ ખૂબ જ જરૂરી હતું. મારા મિત્રોમાંથી જેણે જેણે આ લખાણ વાંચ્યું તે સૌએ એક અવાજે પ્રશંસા કરી છે.

**કેવળચંદ પી. શાહ** (સરસપુર, અમદાવાદ)

ભૂજની બાબતે આટલી જોરદાર રજુઆત વાંચીને મારી તો અઠવાડિયા જૂની શરદી વગર દવાએ જ ઊડી ગઈ! હું તો ક્રિકેટનો રસિયો છું, 'ફાસ્ટ બોલિંગ' કોને કહેવાય તે આ લખાણ વાંચ્યા પછી બરોબર સમજાઈ ગયું!

**કિરણ જે. કંસારા** (મણિનગર, અમદાવાદ)

ભૂજ નગરપાલિકાના સત્તાધારીઓ, રુક જાવ... *આ લખાણને બિરદાવતા જથ્થાબંધ પત્રો મળ્યા છે. અમારી માટે આ તદ્દન ધારણા બહારનું અને અકલ્પ્ય છે. જય જિનેન્દ્ર માટે આ એક અમૂલ્ય નજરાણું છે. અહીં અમે બધા પત્રો તો પ્રકાશિત નથી કરી શકતા પરંતુ અમારા આ પૃષ્ઠની મર્યાદામાં રહીને શક્ય હોય એટલા વાચકોનો ઉલ્લેખ જરૂર કરી રહ્યા છીએ.*

*__આશીષ કામદાર__ (રાજકોટ) __રંજનબેન શાહ__ (સેટેલાઈટ, અમદાવાદ) __શાંતિલાલ ઈશ્વરલાલ__ (પાલડી, અમદાવાદ) __મનોજ એમ. ચોકસી__ (પાલડી, અમદાવાદ) __ચંદ્રકાંત ભોગીલાલ__ (પાયધુની, મુંબઈ) __નિરંજનાબેન એ. શાહ__ (ધીકાંટા, અમદાવાદ) __પ્રો. એ. કે. શાહ__ (નવી દિલ્હી) __રાજેન્દ્રસિંહ ભાણાવત__ (જોધપુર) __દેવેન્દ્ર કે. શાહ__ (બોરીબંદર, મુંબઈ) __નિકુંજ વી. શાહ__ (ધંધુકા) __પૂર્વી પંકજભાઈ શેઠ__ (પાર્લા, મુંબઈ) __આકાશ શાહ__ (પાલડી, અમદાવાદ), __અમીત શાહ__ (વાસણા, અમદાવાદ), __ગૌરવભાઈ મહેતા__ (પાર્લા, મુંબઈ), __પન્નાલાલજી કાંકરીયા__ (સેટેલાઈટ, અમદાવાદ), __પંકજભાઈ વસા__ (વડોદરા), __શ્રેણિક વી. શાહ__ (ઘોડાસર, અમદાવાદ), __નરેશચંદ્ર માંગીલાલજી__ (શિવગંજ, રાજ.), __ડૉ. મયૂરીબેન સંચેતી__ (પાલડી, અમદાવાદ), __ભરત શાહ__ (મણિનગર, અમદાવાદ), __અંબાલાલ ખેમચંદ શાહ__ (નિકોલ, અમદાવાદ), __કંચનબેન મણિલાલ શાહ__ (ખોખરા, અમદાવાદ), __પરેશભાઈ__ (નવરંગપુરા, અમદાવાદ), __ચંદ્રકાંત ગિરધરલાલ શાહ__ (પાલડી, અમદાવાદ), __કીર્તિભાઈ અને શીલાબેન__ (મણિનગર, અમદાવાદ) વગેરે વગેરે...*

INTERNET EDITION

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

મેલાં કપડાં જોઈને કોઈની સાધુતાનું માપ ન કાઢી શકાય!

•

**સ્પંદન**

કાલ ઘાયલ છેહ દેવાના મને તેઓ જરૂર,
આજ તો જો કે ઘણા મિત્રો બનાવી જાઉં છું... *(શાયર અમૃત ઘાયલ)*

•

**ના હોય!**

'અમને હવે સારો પાડોશ મળશે, અમે બીજે રહેવા જઈએ છીએ.'
'અમને પણ હવે સારો પાડોશ મળશે.'
'કેમ, તમે પણ બીજે રહેવા જાઓ છો?'
'ના રે ના, અમે તો અહીં જ રહેવાના છીએ!'

## !! अहो कार्टुनम्



*'મોજ કરો સાહેબ, તમારી સાત પેઢી સુધી ખૂટે નહીં એટલા રૂપિયા સ્વિસ બેન્કના તમારા ખાતામાં ભેગા થઈ ગયા છે.'*



*'ઓ મ્મા... મારી આઠમી પેઢીનું શું થશે? અરેરે...હું તો મરી ગયો રે.'*

Printer, Publisher and Owener : Nirved Acharya. 68, Niharika Bungalows, Ambavadi, Amdavad 380 015
Printed at Shivkrupa Offset Printers, 27, Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004